અપીલ અરજી નં.૫૩ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (આકારણી સેન્ટ્રલસેલ)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ ની તા.૨૯–૩–૧૧ની અરજીથી એ.આર.ડી નં./ સેલ /૨૬૬ આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ સેલ તા.૨૫–૨–૧૧ નાં રોજ આપેલ જવાબના અનુસંધાનમાં તા.૯–૨–૧૧ ની આઈ.ડી.નં.૭૨૦ અન્વયે વરાછાઝોન મારફત તેમજ સેન્ટ્રલ સેલ મારફત તા.૨૪–૯–૧૦ તા.૨૯–૯–૧૦, ૧૫–૧૦–૧૦ તથા તા.૧૫–૧૨–૧૦ ની અરજીઓનાં આપેલા જવાબો ખોટા ગેરવ્યાજબી ઉપજાવી કાઢેલ છે. જે અંગે માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૫૩/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ ની તા.૨૯–૩–૧૧ની અરજીથી એ.આર.ડી નં./ સેલ /૨૬૬ આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલ સેલ તા.૨૫–૨–૧૧ નાં રોજ આપેલ જવાબના અનુસંધાનમાં તા.૯–૨–૧૧ ની આઈ.ડી.નં.૭૨૦ અન્વયે વરાછાઝોન મારફત તેમજ સેન્ટ્રલ સેલ મારફત તા.૨૪–૯–૧૦ તા.૨૯–૯–૧૦, ૧૫–૧૦–૧૦ તથા તા.૧૫–૧૨–૧૦ ની અરજીઓનાં આપેલા જવાબો ખોટા ગેરવ્યાજબી ઉપજાવી કાઢેલ છે. જે અંગે માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તબદીલીની વિગતો મોકલવા સાથે વિષયમાં નિર્દિષ્ટ તારીખોની અરજીઓ તથા તેના પ્રત્યુત્તરની નકલો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮ તા.૯–૫–૧૧ થી ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલસેલ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજી સંદર્ભમાં નિર્દિષ્ટ અરજીઓ પત્રો, મળેલ માહિતિના પત્રની નકલો રજુ કરવા તથા પક્ષકાર જાહેર માહિતિ અધિકારી જણાવેલ નથી તે અંગે વિગતો મોકલવા સાથે જવાબો માન્ય નથી તે અંગે કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલ તરફથી પત્ર નં.એઆરડીસેલ/૪૮ તા.૧૮–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, વરાછાઝોન તરફથી તા.૨૪–૯–૧૦ ની આરટીઆઈ સેલ/આ.નં.૪૫૮ તા.૨૭–૯–૧૦ થી જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલને તબદીલ કરેલ પત્રની નકલ તથા તેની મુળ અરજીની નકલ સાથે બીપીએલ કાર્ડની નકલ, જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૬–૧૦–૧૦ ના રોજ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગ તરફથી તા.૨૯–૯–૧૦ ની અરજીની નકલ, જે વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૪૭૯,૪૮૦ તા.૩૦–૯–૧૦ ના રોજ સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી એસયુસી/આ.નં.૧૧૯૯ તા.૧૫–૧૦–૧૦ થી જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, તા.૧૫–૧૦–૧૦ ની અરજીની નકલ, જે વરાછાઝોન તરફથી આરટીઆઈ સેલ/આ.નં.૫૧૨ તા.૧૬–૧૦–૧૦ થી આકારણી સેન્ટ્રલ સેલને તબદીલ કરેલ પત્રની નકલ, જે અંગે જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલ તરફથી પત્ર નં.એઆરડીસેલ/૧૮૦ તા.૨૨–૧૦–૧૦ થી તા.૨૪–૯–૧૦, તા.૨૯–૯–૧૦ અને તા.૧૫–૧૦–૧૦ ની અરજી બાબતે આપેલ માહિતી પત્રની નકલ, અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીની નકલ, જે વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૬૦૭ તા.૧૬–૧૨–૧૦ થી જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલને તબદીલ કરેલ પત્રની નકલ, આકારણી સેન્ટ્રલ સેલ તરફથી પત્ર નં.એઆરડી/૨૧૦ તા.૨૪–૧૨–૧૦ થી આકારણી અધિકારી ઈસ્ટઝોન પાસેથી સદર અરજીઓ બાબતે માંગેલ માહિતી અંગેના પત્રની નકલ, સેન્ટ્રલ સેલ આકારણી તરફથી પત્ર નં.એઆરડી સેલ/૨૧૦ તા.૨૪–૧૨–૧૦ થી અરજદારને તા.૩૦–૧૨–૧૦ ના રોજ આપેલ ઈન્સ્પેકશન અંગેના પત્રની નકલ, વરાછાઝોનની તા.૨૧–૧૦–૧૦ ના પત્રની ખરાઈ કર્યા અંગે એઆરડી સેલ/૨૨૫ તા.૩–૧–૧૧ ના પત્રની નકલ, સદર અરજીઓ બાબતે એઆરડી સેલ/૨૩૮ તા.૨૭–૧–૧૧ થી પાઠવેલ પત્રની નકલ, અરજદારને આઈ ડી નં.૭૨૦ તા.૯–૨–૧૧ થી કરેલ અરજી બાબતે એઆરડી સેલ/૨૬૬ તા.૨૫–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૯–૩–૧૧ ની મુળ અરજીની નકલ તથા સદર અરજી વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૧ તા.૨૯–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને સદર અરજીઓ બાબતે પુનઃ પાઠવેલ જવાબ અંગે પત્ર નં.એઆરડી સેલ/૯ તા.૮–૪–૧૧ ના પત્રની નકલની વિગતો અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછા તરફથી અરજી સંપૂર્ણ તબદીલ કર્યા અંગેનો પત્ર તા.૧૯–૫–૧૧ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના આસી. કમિ. (ફા.) અને ઈ.ચા ડે.કમિ.ને સંબોધતી માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/આ.નં.૮૫૧ તા.૨૯–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી એડી.સીટી ઈજનેર વરાછાઝોનને પક્ષકાર બનાવી સદરહુ માહિતી નિયત સમય અવધિમાં મળેલ નથી તેવું જણાવી તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

આમ અરજદારે અત્રે તેઓની તા.૯–૨–૧૧ ના રોજ આઈ ડી નં.૭૨૦ થી કરી અરજી બાબતે એઆરડી સેલ/૨૬૬ તા.૨૫–૨–૧૧ થી " આ બાબતે વરાછાઝોન મારફત તેમજ સેન્ટ્રલ સેલ મારફત તમારી તા.૨૪–૯–૧૦, ૨૯–૯–૧૦ , તા.૧૫–૧૦–૧૦ તથા તા.૧૫–૧૨–૧૦ ની અરજીઓનો નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે જેથી આ બાબતે આકારણી સેન્ટ્રલસેલથી કોઈકાર્યવાહી કરવાની રહેતી નથી તેવું જણાવેલ છે. તે જવાબની વિગતે મુળ અરજી કરી અરજદારે માહિતી માંગવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં જવાબ નહીં મળવાથી અરજદારે અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ દરેક અરજી સ્વતંત્ર છે. આમ અરજદારની તા.૨૯–૩–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તર પાઠવવાનો રહે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી સેલ/૯ તા.૮–૪–૧૧ થી તા.૨૪–૯–૧૦, ૨૯–૯–૧૦ , તા.૧૫–૧૦–૧૦ તથા તા.૧૫–૧૨–૧૦ ની અરજીઓનો નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે જેથી આ બાબતે આકારણી સેન્ટ્રલસેલથી કોઈકાર્યવાહી કરવાની રહેતી નથી તેવું જણાવેલ છે.આ અગાઉ પણ તમોને વરાછાઝોન મારફત કે સેન્ટ્રલ સેલ મારફત પાઠવવામાં આવતાં જવાબોથી અસંતોષ હોય તો આરટીઆઈ એકટ હેઠળની કલમ–૧૯–એ અન્વયે સક્ષમ સત્તાધીશ એટલે કે ડે.કમિ.(સ્પે.) અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવા જણાવવામાં આવેલ છતાં તમો ધ્વારા અપીલ અરજી ન કરી ફરીથી સરખા પ્રકારની માહિતી માંગવામાં આવે છે. પરંતુ તે બાબતે વિગતવાર જવાબ પાઠવેલ હોય આકારણી સેન્ટ્રલ સેલ કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. " તેવું જણાવેલ છે. વધુમાં અત્રે રજૂ કરેલ વિગતો જોતાં અરજદારની તા.૨૪–૯–૧૦ ની અરજી ઈ.ઝેડ/આરટીઆઈ/૪૫૮ તા.૨૭–૯–૧૦ થી તબદીલ કરેલ છે તેમજ એઆરડી સેલ/૧૫૨ તા.૭–૧૦–૧૦ થી તેમજ તા.૨૯–૯–૧૦ ની ઈ.ઝેડ/આરટીઆઈ/૪૭૯,૪૮૦ તા.૩૦–૯–૧૦ થી તબદીલ કરેલ છે તેમજ તા.૧૫–૧૦–૧૦ ની અરજી તા.૧૬–૧૦–૧૦ ના રોજ તબદીલ કરેલ છે તેમજ જવાબ એઆરડી સેલ/૧૮૦ તા.૨૨–૧૦–૧૦ થી તેમજ તા.૧૫–૧૨–૧૦ ની અરજી, ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૦૭ તા.૧૮–૧૨–૧૦ થી તબદીલ થયેલ છે તેમજ તા.૨૪–૧૨–૧૦ થી તપાસણી પત્ર તા.૩–૧–૧૧ થી પ્રત્યુત્તર પાઠવેલ છે. આમ અરજદારને નિયત સમય અવધિમાં વરાછાઝોન તરફથી તબદીલ તથા આકારણી સેન્ટ્રલ સેલ તરફથી નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને આઈ ડી નં.૭૨૦ તા.૯–૨–૧૧ થી માંગવામાં આવેલી માહિતી તા.૨૫–૨–૧૧ ના પત્ર ક્રમાંક એઆરડી સેલ/૨૬૬ થી આપવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે સુરત શહેરી હદ વિસ્તારમાં " ઝીરો સ્લમ" અંતર્ગત સ્લમ વિસ્તારોનું સ્થળાંતર કરવાનું નકકી કરવાનુ હોય સુરત મહાનગરપાલિકા તરફથી આ કામે સ્લમ વિસ્તારમાં બાયોમેટ્રીક સર્વે હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે મે. કમિ.શ્રીની નોંધ નં.સીએન/૧૪૫ તા.૩૦–૭–૦૭ અન્વયે સ્લમ વિસ્તારમાં નવા ઝુંપડા દાખલ નહીં કરવા તેમજ હયાત ઝુંપડામાં નામ ટ્રાન્સફર /કમી કરવા નહીં બાબતે નીતિ વિષયક નિર્ણય લેવામાં આવેલ તેમજ ઝુંપડપટ્ટી વાળી મિલકતોને અલાયદી ઓળખ મળી રહે તે માટે ૯૧ લોકેશનમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને તા.૨૯–૩–૧૧ ની અપીલમાં જણાવેલ માહિતી આપેલ નથી તે પૂરી પાડેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (આકારણી સેન્ટ્રલસેલ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ